# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૬/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## મુંબઇ ખાતે બિઝનેસ મેચીંગ ઇવેન્ટમાં ચેમ્બરનું થાઇલેન્ડની કંપનીઓને સુરતના ટેક્ષ્ટાઇલ અને હીરા ઉદ્યોગ સાથે વેપાર વધારવા માટે આમંત્રણ

સુરત : થાઇલેન્ડ વાણિજય મંત્રાલયના આંતરરાષ્ટ્રીય વેપાર પ્રમોશન વિભાગ દ્વારા તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી મુંબઇની આઇટીસી મરાઠા હોટેલ ખાતે બિઝનેસ મેચીગ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન થાઇલેન્ડના માનનીય નાયબ વડાપ્રધાન અને વાણિજય પ્રધાન હીઝ એકસીલન્સી જુરીન લકસાનાવિસિત દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા તથા ચેમ્બરની સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન તેમજ ધી ઇન્સ્ટીટયુટ ઓફ સિવિલ એન્જીનિયર્સ એન્ડ આર્કિટેકટ્સ– સુરતના પ્રમુખ શ્રી નિલેશ શાહ ઉપસ્થિત રહયા હતા.

બિઝનેસ ટુ બિઝનેસ અંગેની ખાસ મિટીગને સંબોધન કરતા થાઇલેન્ડના માનનીય નાયબ વડાપ્રધાન અને વાણિજય પ્રધાન હીઝ એકસીલન્સી જુરીન લકસાનાવિસિતે જણાવ્યુ હતુ કે, ભારત અને થાઇલેન્ડ વચ્ચે પારંપારિક સંબંધો ખૂબ સારા છે તેમ છતાં વેપાર ઓછો થાય છે. આથી વેપારીક સંબંધો વધારવાની જરૂર છે. તેમણે રબર, રબરવુડ, ફ્રેશ ફ્રુટ, બાયો પેકેજિંગ, કન્સ્ટ્રકશન અને ટુરીઝમ ક્ષેત્રે રસ ધરાવતી ભારતીય કંપનીઓને થાઇલેન્ડ સાથે બિઝનેસ કરવા માટે આમંત્રણ આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે, થોડાક મહિનામાં ભારતના માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આશિયાન કોન્ફરન્સ માટે થાઇલેન્ડ જવાના છે. જેમાં વેપાર ઉદ્યોગ સંબંધિત ઘણા કરારો થવાની શકયતા છે. આથી બંને દેશો વચ્ચેના વેપારમાં વધારો થશે તેવી આશા રાખીએ છીએ.

આ મિટીગમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ થાઇલેન્ડના ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, વેપાર – ઉદ્યોગ માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઘણી સક્રીય છે. વેપાર – ઉદ્યોગને પ્રોત્સાહન માટે ચેમ્બર દ્વારા દર વર્ષે વિવિધ એકઝીબીશન્સ પણ કરવામાં આવે છે. સુરતમાં કાપડ, હીરા, એકવા કલ્ચર અને એગ્રી એન્ડ ફૂડ ઉદ્યોગનો વિકાસ થયો છે. એવા સંજોગોમાં થાઇલેન્ડને સુરતની સાથે વેપાર વધારવાની ઉજજવળ તક ઉપલબ્ધ છે. વેપાર વધારવા માટે હવે સુરત ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનુ એરપોર્ટ પણ શરૂ થયુ છે. સુરતથી બેંગકોક માટે સીધી ફલાઇટ મળશે તો બંને દેશોના વેપારીઓ એકબીજાના સંપર્કમાં આવશે અને વેપાર વધારવા માટે સરળતા ઉભી થશે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ મિટીગને સંબોધતા જણાવ્યુ હતુ કે, ભારત અને થાઇલેન્ડ વચ્ચે થતો ઓછો વેપાર સૂચવે છે કે વેપારીઓમાં વિશ્વસનિયતાનો અભાવ છે. બંને દેશોના વેપારીઓ વચ્ચે સંપર્ક વધશે તો વિશ્વસનિયતા આપોઆપ વધી જશે. તેમણે વધુમાં કહયુ હતુ કે થાઇલેન્ડના વેપારીઓ અંગ્રેજી બોલી શકતા ન હોવાથી પણ બંને દેશોના વેપાર માટે મુશ્કેલી સર્જાય છે.